## અઢી સૈકા બાદ સુવિહિત સાધુઓનો પાટણમાં પ્રવેશ સરળ-સુલભ બનાવનારા

# આચાર્ય શ્રી જિનેશ્વરસૂરિજી મહારાજ તથા આચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરિજી મહારાજ

શ્રી જિનેશ્વરસૂરિ અને શ્રી બુદ્ધિસાગરસૂરિ — એ બંને સુવિહિત શ્રમણશિરોમણિ ગુરુભાઈ હતા; અને સંસારીપણે પણ સગા ભાઈ હતા. શ્રી જિનેશ્વરસૂરિ સમર્થ વ્યાખ્યાતા અને પ્રમાણશાસ્ત્ર, પ્રકરણો તથા પ્રબંધોના રચનાકાર હતા. શ્રી બુદ્ધિસાગરસૂરિ આગમસાહિત્યના વિશિષ્ટ જ્ઞાતા, ક્રિયાનિષ્ઠ અને વ્યાકરણશાસ્ત્ર વગેરેના રચયિતા હતા. પાટણનરેશ ભીમદેવ, પુરોહિત સોમેશ્વર, શૈવાચાર્ય જ્ઞાનદેવ અને ત્યાંના યાજ્ઞિકોને પોતાના વર્ચસ્વથી વિશેષ પ્રભાવિત કરી પાટણમાં સુવિહિતમાર્ગી મુનિઓ માટે આવાગમનની સુલભતા પ્રાપ્ત કરવામાં તે બંને બંધુઆચાર્યોનો મહત્ત્વનો ફાળો હતો. શ્રી જિનેશ્વરસૂરિ અને શ્રી બુદ્ધિસાગરસૂરિના ગુરુ ચાન્દ્રકુલ વડગચ્છના આચાર્ય શ્રી વર્ધમાનસૂરિ હતા. તેઓ સપાદ દેશ–કૂર્ચપુરમાં ચૈત્યવાસી આચાર્ય હતા. તેમનું ૮૪ જૈનમંદિરો પર આધિપત્ય હતું. પરંતુ વિશુદ્ધ ચારિત્રક્રિયાનું પાલન કરવા માટે તેમણે ચૈત્યવાસી પરંપરાનો ત્યાગ કરી વડગચ્છના સંસ્થાપક શ્રી ઉદ્યોતનસૂરિની સુવિહિત પરંપરાનો સ્વીકાર કર્યો હતો. આ સુવિહિત પરંપરામાં થયેલા શ્રી વર્ધમાનસૂરિ પાસે શ્રી જિનેશ્વરસૂરિ અને શ્રી બુદ્ધિસાગરસૂરિએ દીક્ષા ગ્રહણ કરી હતી. આ વખતે સપાદલક્ષમાં અલ્લરાજાના પુત્ર ભુવનપાલનું શાસન હતું.

બનારસમાં પં. કૃષ્ણગુપ્ત નામે વિપ્રદેવને શ્રીધર અને શ્રીપતિ નામે બે પુત્રો હતા. તેઓ વેદ-વિદ્યાના પ્રકાંડ પંડિત હતા; ૧૪ વિદ્યાના જ્ઞાતા હતા. એક વખત દેશ–દેશાંતરની યાત્રા કરવા માટે બંને ભાઈઓએ પ્રયાણ કર્યું. ભ્રમણ કરતાં કરતાં બંને ભાઈ ધારાનગરીમાં આવ્યા. બંને ભાઈઓ ભિક્ષા દ્વારા જીવનનિર્વાહ કરતા હતા. માળવાની આ રાજધાનીમાં ભોજ રાજાનું શાસન હતું. તે નગરમાં લક્ષ્મીસંપન્ન લક્ષ્મીધર નામના શ્રેષ્ઠિ રહેતા હતા. તે આ બંને ભાઈઓને હંમેશાં ભિક્ષા આપતા. એક દિવસ શેઠના ઘરમાં આગ લાગી. ઘરની દિવાલો ઉપર ૨૦ લાખ સિક્કાઓનો લેણદેણનો હિસાબ લખ્યો હતો. આગની જ્વાળાઓમાં તે બધું નાશ પામ્યું. આ ઘટનાથી લક્ષ્મીધર શેઠ અત્યંત ચિંતિત હતા. રોજની જેમ શ્રીધર અને શ્રીપતિ બંને ભાઈ ભિક્ષા અર્થે તે સ્થાને આવ્યા. લક્ષ્મીધર શેઠને ચિંતિત જોઈ, તેમની ઉદાસીનું કારણ જાણી તેમને કહ્યું, “ મહાનુભાવ ! આપ ખેદ ન કરો. અમે આ પહેલાં આપને ત્યાં ભિક્ષા લેવા માટે આવતા ત્યારે દીવાલો પર લખેલો એ હિસાબ અમે વાંચ્યો હતો, ને આજે અમને તે સંપૂર્ણ યાદ છે. ” બંને ભાઈઓએ તિથિ, વાર, સંવત અને નામ સહિત સઘળો હિસાબ શેઠને લખી આપ્યો. શેઠ તેમની સ્મરણ-શક્તિ પર અત્યંત પ્રસન્ન થયા. ભોજન, વસ્ત્રાદિ ઘણું દાન આપી તેમનું બહુમાન કર્યું.

આ પ્રસંગથી શેઠે મનમાં વિચાર્યું કે શાંત પ્રકૃતિ, તીવ્ર યાદશક્તિ અને બુદ્ધિ

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

ધરાવતાં આ બ્રાહ્મણપુત્રોથી જૈનશાસનની મોટી પ્રભાવના થવાનો સંભવ છે. યોગાનુયોગે શ્રી વર્ધમાનસૂરિનું આગમન ધારાનગરીમાં થયું. લક્ષ્મીધર શેઠ બંને બ્રાહ્મણ પંડિતોને લઈ શ્રી વર્ધમાનસૂરિ પાસે આવ્યા. વંદન કરી, બે હાથ જોડી, તેમની પાસે બેઠા. શ્રી વર્ધમાનસૂરિ શ્રેષ્ઠ લક્ષણયુક્ત બ્રાહ્મણપુત્રોને જોઈ પ્રસન્ન થયા. શ્રી વર્ધમાનસૂરિના દર્શનથી બંને બ્રાહ્મણપુત્રોનાં હૃદયમાં વૈરાગ્યભાવ જાગ્યો. શેઠ પાસેથી તેઓનો પૂરો પરિચય મેળવી શ્રી વર્ધમાનસૂરિએ બંનેને મુનિદીક્ષા આપી. આ બંનેની દીક્ષામાં લક્ષ્મીધર શેઠની પ્રબળ પ્રેરણા હતી. દીક્ષા આપ્યા પછી યોગોદ્વહનપૂર્વક શ્રી વર્ધમાનસૂરિએ તેમને સિદ્ધાંતશાસ્ત્રોનું શિક્ષણ આપ્યું; અને કેટલાક સમય પછી તેમની યોગ્યતા સમજી બંને મુનિવરોને આચાર્યપદે સ્થાપ્યા.

એક વખત આ બંને આચાર્યો શ્રી વર્ધમાનસૂરિની આજ્ઞા લઈ, યોગ્ય માર્ગદર્શન મેળવી, ગુજરાત પ્રદેશ અંતર્ગત પાટણ પધાર્યા. પાટણમાં સુવિહિતમાર્ગી મુનિઓ માટે પ્રવેશ શક્ય નથી એ વાત તેમણે પહેલાં શ્રી વર્ધમાનસૂરિ પાસેથી જાણી હતી. વિ. સં. ૮૦૨ માં ગુજરાતની સ્થાપના કરનાર રાજા વનરાજ ચાવડો ચૈત્યવાસી સાધુઓનો પરમ ભક્ત હતો. રાજ્યાભિષેક વખતે તેણે ચૈત્યવાસી શીલગુણસૂરિ અને દેવચંદ્રસૂરિ પાસેથી વાસક્ષેપપૂર્વક આશીર્વાદ મેળવ્યા હતા. ત્યારથી વનરાજ ચાવડાએ તામ્રપત્રમાં લખીને આદેશ આપ્યો હતો કે– "આ આચાર્યોને માનનારા ચૈત્યવાસીઓ સમ્મત મુનિરાજો જ પાટણમાં રહી શકશે." ત્યારથી પાટણમાં ચૈત્યવાસીઓનું વર્ચસ્વ વધી ગયું હતું. વિ. સં. ૧૦૮૦ માં પાટણમાં રાજા ભીમદેવનું રાજ હતું. તેમને સોમેશ્વર નામે રાજપુરોહિત હતો. તે આ આચાર્યો–શ્રી જિનેશ્વરસૂરિ અને શ્રી બુદ્ધિસાગરસૂરિનો મામો હતો. બંને આચાર્યો સોમેશ્વર પુરોહિતને ત્યાં પહોંચ્યા. પુરોહિત બંને આચાર્યોના શિષ્ટ વ્યવહાર અને મધુર વચનોથી પ્રસન્ન થયો. બેસવા માટે આસન આપ્યું. પોતે કંબલ બિછાવી તેમની સામે બેઠો. પછી બંને આચાર્યો પુરોહિતને આશીર્વાદ આપતાં બોલ્યા કે, "જે હાથ–પગ ને મન વિના પણ ગ્રહણ કરે છે, નેત્ર વિના પણ દેખે છે, કાન વિના પણ સાંભળે છે અને સમગ્ર વિશ્વને જાણે છે; પણ તેને કોઈ જાણતું નથી એવા નિરંજન નિરાકાર મહાદેવ જિનેશ્વર તમારું કલ્યાણ કરો." વેદ, ઉપનિષદ્ અને જૈનાગમ સમ્મત માન્યતાને પ્રગટ કરતાં આ શ્લોકને સાંભળી પુરોહિત સોમેશ્વર નતમસ્તક થઈ ગયો. વાતચીત દરમિયાન તેણે જાણ્યું કે આ બંને આચાર્યો પોતાના ભાણેજ છે. અહીં પાટણમાં સુવિહિતમાર્ગી સાધુઓને ઊતરવાનું સ્થળ મળવું શક્ય ન હતું, તેથી પુરોહિત સોમેશ્વરે તેમની રહેવાની વ્યવસ્થા પોતાના મકાનમાં કરી.

પાટણના યાજ્ઞિક, સ્માર્ત, દીક્ષિત અને અગ્નિહોત્રી વગેરે વિદ્વાન બ્રાહ્મણો પણ આ શ્રમણોની ખ્યાતિ સાંભળીને આવ્યા અને તેમનો ઉપદેશ સાંભળી મુગ્ધ બન્યા. પાટણનરેશ ભીમદેવ પણ આ આચાર્યોના ત્યાગ, તપોબળ, બુદ્ધિબળ આદિથી પ્રભાવિત થયો. ચૈત્યવાસીઓએ તેમનો વિરોધ કર્યો. તેમણે કહ્યું કે, "હે રાજન્! અમને વનરાજ ચાવડાના સમયથી આ લેખિત અધિકાર મળ્યો છે. અહીં ચૈત્યવાસીઓ સિવાય, અમારી સંમતિ વિના કોઈ શ્રમણ રહી શકતા નથી. પૂર્વના રાજાનો આદેશ પછીના રાજાએ પાળવો જોઈએ." પ્રત્યુત્તરમાં પાટણનરેશે

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

કહ્યું કે, "પૂર્વના રાજાનું ફરમાન અમારે પણ માન્ય છે; પરંતુ પાટણમાં આવેલા ગુણીજનોનું સન્માન કરવું એ પણ અમારું કર્તવ્ય છે. આથી આપે પણ આપની સંમતિ આ કાર્યમાં આપવી જોઈએ." આ પ્રકારે ચૈત્યવાસીઓને માનપૂર્વક સમજાવી અને તેઓની સંમતિ મેળવી રાજા ભીમદેવે સુવિહિતમાર્ગી મુનિઓના આવાગમનની સગવડ કરી આપી. પુરોહિત સોમેશ્વરદેવ અને શૈવાચાર્ય જ્ઞાનદેવના સહયોગથી તેઓને સ્થાનની સુંદર સગવડ મળી.

પ્રભાવકચરિત્રમાં જૈનધર્મના વિશેષ પ્રભાવક આચાર્યોનું વર્ણન છે તેમાં જિનેશ્વરસૂરિ અને બુદ્ધિસાગરસૂરિનો વિસ્તૃત પરિચય આપવામાં આવેલ છે. નવાંગી ટીકાકાર શ્રી અભયદેવસૂરિ પણ તેમની શિષ્યપરંપરાના પ્રભાવક શ્રમણ હતા.

**સાહિત્ય :** શ્રી જિનેશ્વરસૂરિ અને શ્રી બુદ્ધિસાગરસૂરિ—બંને સાહિત્યસર્જક પણ હતા. શ્રી જિનેશ્વરસૂરિએ કથારૂપે, વિવરણરૂપે, પ્રમાણવિષયક ગ્રંથોની રચના કરી છે. તેમણે રચેલા ગ્રંથોનો પરિચય આ પ્રમાણે છે :

(૧) લીલાવતીકથાનું નિર્માણ આશાપલ્લીમાં વિ. સં. ૧૦૮૨ થી ૧૦૮૫ સુધીમાં થયું છે. આ પ્રાકૃત પદ્યમય રચના છે. આ કથાનું પદલાલિત્ય આકર્ષક છે. શ્લેષ આદિ વિવિધ અલંકારોથી મંડિત આ 'લીલાવઈકહા'ની રચના ચૈત્યવંદન-ટીકા પહેલાં રચી છે. (૨) કથાનક-કોષની રચના ડીડુઆણક (ડીડવાણા) ગામમાં વિ. સં. ૧૧૦૮માં થઈ છે. આ પણ પ્રાકૃત રચના છે. આમાં ઉપદેશાત્મક ૪૦ કથાઓ છે. (૩) પંચલિંગી પ્રકરણની રચના વિ. ૧૦૯૨માં થઈ છે. તેમાં સમ્યક્ત્વના લક્ષણોનું વર્ણન છે. આ એક સૈદ્ધાંતિક કૃતિ છે. આમાં ૧૦૧ ગાથા છે. (૪) ષટ્સ્થાન પ્રકરણના ૧૧૧ પદો છે. આ ગ્રંથ છ સ્થાનોમાં વિભાજિત છે. ૧. વ્રતપરિકર્મત્વ, ૨. શીલતત્ત્વ, ૩. ગુણતત્ત્વ, ૪. ઋજુવ્યવહાર, ૫. ગુરુસુશ્રુષા અને ૬. પ્રવચન-કૌશલ. આ છ સ્થાનોમાં શ્રાવકના ગુણોનું વર્ણન છે. આ એક સૈદ્ધાંતિક કૃતિ છે. આ ગ્રંથ ઉપર શ્રી અભયદેવસૂરિએ ૧૬૩૮ શ્લોકપ્રમાણ ભાષ્યની રચના કરી છે અને થારાપ્રદગચ્છીય શ્રી શાંતિસૂરિએ ટીકા રચી છે. (૫) પ્રમાણલક્ષ્મવૃત્તિ : આનું ગ્રંથાગ્ર પરિમાણ ચાર હજાર શ્લોક-પ્રમાણ છે. કૃતિના મૂળ શ્લોક ૪૦૫ છે. આ પ્રમાણવિષયક સુંદર રચના છે. આમાં પ્રમાણ અને તર્ક પર આધારિત વાદપ્રક્રિયાનું સુંદર વર્ણન છે. આ કૃતિ શ્રી જિનેશ્વરસૂરિની દાર્શનિક પ્રતિભાનો પરિચય કરાવે છે. (૬–૭) અષ્ટકપ્રમાણવૃત્તિ અને ચૈત્યવંદન ટીકાની રચના જાવાલિપુર (જાલોર)માં થઈ છે. અષ્ટકપ્રમાણવૃત્તિ શ્રી હરિભદ્રસૂરિ કૃત અષ્ટકપ્રકરણની વ્યાખ્યા છે. આ કૃતિનો રચનાકાળ વિ. સં. ૧૦૮૦ છે. ચૈત્યવંદન ટીકાનું પદપરિમાણ ૧૦૦૦ છે. આ ટીકાની રચના વિ. સં. ૧૦૯૨ માં થઈ છે.

શ્રી બુદ્ધિસાગરસૂરિએ જાવાલિનગરમાં બુદ્ધિસાગર ગ્રંથાગ્ર 'સપ્તસહસ્રકલ્પમ્' ૭૦૦૦ રચ્યો. 'શબ્દલક્ષ્યલક્ષ્મ' અને 'પંચગ્રંથી' એ તેનાં બીજાં નામો છે. આ વ્યાકરણ ગ્રંથ છે. તેમનું વ્યાકરણ તે યુગની જૈન વિદ્વાન વૈયાકરણોમાં ઉચ્ચકોટિની રચના છે. તેની રચના વિ. સં. ૧૦૮૦માં થઈ હતી. આ ગ્રંથોમાં પ્રાપ્ત સંવતને આધારે શ્રી જિનેશ્વરસૂરિ અને શ્રી બુદ્ધિ-સાગરસૂરિનો સમય વીરનિર્વાણની સોળમી (વિક્રમની ૧૧મી–૧૨મી) શતાબ્દીનો સિદ્ધ થાય છે.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org